



ડીસા શહેરમાં ઉનાળાની ગરમીનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે ઠેરઠેર ઠંડા પીણા અને શરબત સેન્ટરોવાળાએ ધામા નાખી દીધા છે ત્યારે લાકડાની બનાવટના હાથે ચલાવતા શેરડીના કોલાવાળા પણ ધંધે લાગી ગયા છે. તો કેટલીક જગ્યાએ જનરેટરવાળા ફરતા કોલા પણ લોકોને શીતળ શેરડી રસ પીવડાવી રહ્યા છે. જ્યારે બીજી તસવીરમાં ડીસામાં ગરમીનો માહોલ શરૂ થતાં પંખા, એર કુલર વગેરેનું વેચાણ શરૂ થયું છે ત્યારે જાહેર રસ્તાઓ પર પણ કુલરનું વેચવા લાગ્યા છે. મધ્યમવર્ગના લોકો પોતાના બજેટ પ્રમાણે આ કુલરની ખરીદી કરી રહ્યા છે.

# કાંકરેજ તાલુકાની ૨૬ ગ્રામ પંચાયતોની ઉમેદવારીપત્રો ભરાતા રાજકીય ગરમી

## કાંકરેજ તાલુકાની શિરવાડા ગ્રામ પંચાયતના સરપંચના ઉમેદવાર તરીકે ગીતાબેન જોષીએ ઉમેદવારી નોંધાવતા રાજકિય ગરમાવો શરૂ

કાંકરેજ તાલુકાની ગ્રામ પંચાયતોના અનુસૂચિ મુજબના બોર્ડની બેઠકોની અને સરપંચની બેઠકોની ચૂંટણીઓને લઈ સરકારે અને ચૂંટણી આયોગના જાહેરસભામાં મહિલાઓને અગ્રતા



આપવામાં આવતા મહિલાઓમાં આનંદની લાગણીઓ જોવા મળી છે. અને ૨૧-૩-૨૦૧૭ના રોજ કાંકરેજ તાલુકાના નામચિન કોન્ટ્રાક્ટર કરશનભાઈ જોષીના ધર્મપત્નિ ગીતાબેન શિરવાડાએ ૫૮ ગાડીઓના કાફલા સાથે તાલુકા પંચાયત આવી પહોંચ્યા હતા અને ચૂંટણી અધિકારી કે.એન. પટેલને પોતાનું ઉમેદવારી પત્ર રજુ કર્યુ હતુ. જો કે ૫૦૦ જેટલા ટેકેદારોમાં અને ગાડીઓના કાફલામાં પાટણની ગૌશાળાની બોલેરો ગાડી આકર્ષણનું કેન્દ્ર બનવા પામી હતી. અને જયજયકારથી સમગ્ર તાલુકા પંચાયતનું પરિસર ગુંજી ઉઠ્યુ હતુ અને સભાખંડમાં બેસીને તમામ શિરવાડાના ટેકેદારોએ ઉનાળાની ગરમીમાં આઈસક્રિમની મિજબાની સાથે વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કાંકરેજ તાલુકાની ૧૩ નવી વિભાજીત ગ્રામ પંચાયતોમાં વિભાનેસડા ગ્રામ પંચાયત એ સમરસ મહિલા ગ્રા.પં.નું બિરૂદ હાંસલ કરવાની કવાયત હાથ ધરીને એક અનોખુ ઉદાહરણ સરકાર સમક્ષ રજુ કરશે. આ વખતે સામાન્ય સ્ત્રી, અનુ. જાતી સ્ત્રી, સામાન્ય બિન અનામત સા.શૈ.પ.સ્ત્રી આવા બેઠકના પ્રકારો આપતા સ્ત્રી ઉમેદવારોમાં વધારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૧૮-૩-૨૦૧૭થી લઈને દિવસે-દિવસે મામલતદાર કચેરી કાંકરેજ અને તાલુકા પંચાયતમાં સરપંચ ઉમેદવારો અને સભ્ય ઉમેદવારોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ૨૩-૩-૨૦૧૭ સુધી ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ હોવાથી ઉમેદવારો પોતાના ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં વ્યર્થ જોવા મળ્યા હતા. આમ કાંકરેજ તાલુકાના ગ્રામ પંચાયતોની ૨૬ પંચાયતોની ચૂંટણીને લઈને અનેક અટકળોનો દોર શરૂ થઈ ચૂક્યો છે. જો કે આ બાબતે પોલીસતંત્ર પણ કામે લાગી જઈ સંવેદનશીલ અને અતી સંવેદનશીલ વિસ્તારોમાં આંટાફેરા શરૂ કરી દીધા છે.

## સાબરકાંઠામાં નવનિર્વાચિત સરપંચો માટે તાલિમ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૨૧

૨૧-માર્ચના રોજ સ્વામિનારાયણ મંદિર કાંકરોલ ખાતે સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા ડિસે. ૨૦૧૬માં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ચૂંટાયેલા હિંમતનગર, તલોદ અને પ્રાંતિજ તાલુકાના નવીન સરપંચોને તાલીમ આપવાનો કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસે જણાવ્યું કે નવીન ચૂંટાયેલા સરપંચોને સરકારની વિવિધ યોજના અંગે સંબંધિત અધિકારીઓ દ્વારા વિસ્તૃત જાણકારી આપવામાં આવશે. સર્વે સરપંચોએ સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કામગીરી દ્વારા જિલ્લામાં વિકાસ કાર્યો માટે કાર્યરત બનવાનું છે. ગ્રામીણ પ્રજાજનો વિવિધ યોજનાના જરૂરી લાભ મેળવે તે જોવાની આપણી સહિયારી ફરજ છે.

જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવતે ઉપસ્થિત સર્વેને જણાવ્યું કે આપણે સહુએ પ્રજાના પ્રતિનિધિ તરીકે સર્વોપર બની સામુહિક વિકાસ માટે કટિબદ્ધ બનવાનું છે.

# પ્રાંતિજના સાંપડ પાસેથી કતલખાને લઈ જવાતી ત્રણ ગાયો ભરેલું પીકઅપ ડાલુ પકડાયું

## ગૌરક્ષકો તથા ગ્રામજનોએ પીછો કરી ડાલુ પકડી પોલીસને હવાલે કર્યું : ૨૧,૦૦૦ની ત્રણ ગાયો ૨,૫૦,૦૦૦નું પીકઅપ ડાલુ સહિત કુલ-૨,૭૧,૦૦૦નો મુદ્દામાલ કબજે

પ્રાંતિજ, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના સાંપડ પાસેથી રાત્રીના



સમયે કતલખાને પીકઅપ ડાલામાં ભરીને લઈ જવાતી ત્રણ ગાયો ગૌરક્ષકો તથા ગ્રામજનોએ ફિલ્મી ઢબે પીછો કરી પકડી પાડી પોલિસને હવાલે કરી હતી.

પ્રાંતિજના સાંપડ પાસેથી રાત્રીનાં સમયે પ્રસાર થતું પીકઅપ ડાલુ નંબર- જીજે ૦૯ એવી ૫૩૫૩માં ત્રણ ગાયો ભરેલ હોય અને તે ગાયો કતલખાને લઈ જવાનાં સમાચાર ગૌરક્ષકોને મળી જતાં તેવો પીકઅપ ડાલાને રોકવાનો પ્રયત્ન કરતાં પીકઅપ ડાલાના ચાલકે ડાલુ ભગાડયું હતું જયારે ગૌરક્ષકો અને ગ્રામજનો દ્વારા ડાલાનો ફિલ્મી ઢબે પીછો કરી પકડી પાડયું હતું જયારે ચાલક ભાગી ગયો હતો જયારે પોલિસ બોલાવવામાં આવી હતી અને ફરીયાદી સાંકાભાઈ મોડન ભાઈ દેસાઈ રહે. મોયદ રૂપાજીની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલિસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ત્રણ ગાયોની કિંમત- ૨૧૦૦૦ પીકઅપ ડાલાની કિંમત- ૨,૫૦૦૦૦ મળીને કુલ - ૨,૭૧૦૦૦ મુદ્દામાલ પોલિસે કબજે લઈને પીકઅપ ડાલુ ચાલક સુરજગીરી ભવાનગીરી, કમલેશ સનાજી ચૌહાણ, રાજપ્રવિણ ચૌહાણ રહે. મેમદપુર વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## મરડીયા નજીક આર.આર. સેલ ગાંધીનગરે ટ્રકમાંથી ૭.૩૯ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મરડીયા નજીકથી ગાંધીનગર આર.આર. સેલે શામળાજી તરફથી આવતી ટ્રક કન્ટેનર (ગાડી નં. એચઆર ૬૮ ૮૪૨૧)ને અટકાવી તપાસ હાથ ધરતા ટ્રક-કન્ટેનરમાં સંતાડેલો વિદેશી દારૂનો ગેરકાયદેસર વગર પાસ પરમીટની બોટલો નંગ ૫૭૧૨ કિંમત રૂ. ૭,૩૯,૨૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડી આનંદસિંહ ચંદનસિંહ જાટ (છોટાપાના, હરિયાણા)ની અટક કરી મોબાઈલ નંગ-૧ કિંમત રૂ. ૧૦૦૦ તથા ટ્રક કિંમત રૂ. ૧૦,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૧૭,૪૦,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ઝડપાયેલા શખ્સને જેલના સળિયા પાછળ ધકેલી દઈ અન્ય ફરાર આરોપી શકિત બાપુને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



## મોડાસામાં પ્રથમવાર શ્રી શિવકથાનો ભકિતભાવ સાથે પ્રારંભ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં જિલ્લામાં પ્રથમવાર વી.એચ.પી.મેદાનમાં પોથીયાત્રા નીકળી સંતશ્રી ભૃગેશભાઈ જોષી (છોટે મોરારી બાપુ-મહુવા વાળા) વ્યાખ્યાન સાથે દિપ પ્રાગટય કરી મંગલાચરણ સાથે શ્રી શિવ કથાનો ભકિતભાવ સાથે પ્રારંભ થયો હતો. જિલ્લાના અને મોડાસા શહેરના શિવભકતોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શિવકથાનું રસપાન કર્યું હતું. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા વી.એચ.પી. મેદાનમાં સોમવારે સાંજના સુમારે ભાનુબેન વસંતલાલ ત્રિવેદી, પુનિત વિઠ્ઠલભાઈ પટેલ અને જયોતિબા વિક્રમસિંહ ચાવડાના ઘરેથી પોથાયાત્રા કાઢી ભજન-કીર્તન સાથે સંત શ્રી ભૃગેશભાઈ જોષી (છોટે મોરારી-મહુવાવાળા) શિવકથાનો પ્રારંભ દિપ પ્રાગટય કરી મોડાસા શહેરના નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ, જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષી, વી.એચ.પી. પ્રમુખ રામભાઈ પટેલ, નવનીતભાઈ પરીખ, સુભાષભાઈ શાહ, મુકુન્દભાઈ શાહ, સચિનભાઈ ત્રિવેદી સાથે મંગલાચરણ કરી કથાનો પ્રારંભ થયો હતો.

# ડીસાના ટેટોડા નજીક અનાજ ભરેલી ટ્રકની લૂંટ : ૩૦૦ બોરીઓ લઈ છ લૂંટારા રફુચક્કર

ડીસા, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લાના ડીસા નજીક મોડી રાત્રે ટ્રકમાં અનાજ ભરીને જઈ રહેલા પિતા પુત્રને કેટલાક શખ્સોએ બંધક બનાવી લૂંટ કરી હોવાની ઘટના સામે આવી છે. આ બનાવની જાણ થતાં જ ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની વિગત જોઈએ તો બનાસકાંઠા જિલ્લામાં છ અજાણ્યા શખ્સોએ રોફ બતાવીને માર મારીને લૂંટ કરી હોવાની ઘટના સામે આવી છે. રાજસ્થાનમાં ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા મગનલાલ માજીરાના અને તેમનો પુત્ર રાજસ્થાનથી એરંડા, જીરૂ અને રાયડાનો માલ ભરીને ઊંઝા લઈ જઈ રહ્યા હતા. તે દરમ્યાન તેઓ ડીસા તાલુકાના ટેટોડા ગામ નજીકથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે અચાનક તેમની ટ્રકમાં પંક્ચર પડતા તેઓ ટ્રક રોડની સાઈડમાં કરીને ઉભા હતા. બરાબર તેજ સમયે છ અજાણ્યા સખ્સો આવીને આ પિતાપુત્રને પોતે અધિકારી હોવાનો દમ બતાવીને તેમની ટ્રકમાં દારૂ ભર્યો હોવાનું



જણાવીને ટ્રકની તલાશી લેવાનું જણાવી બંને પિતા-પુત્રને બંદી બનાવીને ટ્રકમાં બેસાડી દીધા હતા. જ્યારે ભોગ બનનારે પ્રતિકાર કરવાની કોશિશ કરતા આ શખ્સોએ તેમને મૂઢ માર માર્યો હતો. અને બાદમાં લૂંટ કરવાના ઈરાદે આ બંને શખ્સોને આંખે પાટા બાંધી અજ્ઞાત સ્થળે લઈ ગયા હતા અને બંને પિતા પુત્રને ટ્રકમાં જ બંદી બનાવીને ટ્રકમાં પડેલો લગભગ દશ લાખનો મુદ્દામાલ અન્ય ટ્રકમાં ભરીને લૂંટ કરવા આવેલા અજાણ્યા શખ્સોએ બંને પિતા પુત્રને પરત ધાનેરા રોડ નજીક આવેલા રાજારામ કોલ્ડ સ્ટોરેજ નજીક તેમની ખાલી ટ્રક સાથે મૂકીને ફરાર થઈ ગયા હતા. ત્યારબાદ બંને પિતા પુત્રે ટ્રકમાં જે ખેડૂતોનો માલ લઈને આવી રહ્યા તે ખેડૂતોનો સંપર્ક કરી ડીસા તાલુકા પોલીસ મથક પહોંચી અજાણ્યા છ લોકો સામે લૂંટની ફરિયાદ નોંધાવી છે. જો કે આ લૂંટની આ અજીબો ગરીબ ઘટનાની ડીસા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે પણ ઘટના સ્થળે પહોંચી ઊંડી તપાસ હાથ ધરી છે.

# ઈડરના જોડકંપા પાસે રીંછનો ખેડૂત પર હૂમલો

## વન વિભાગે રીંછ માટે ત્રણ પાંજરા મુક્યા : રીંછ વહેલી સવારે અને રાત્રે બે બચ્ચા સાથે ફરે છે

ઈડર, તા. ૨૧

સાબરકાંઠાના ઈડરના મુડેટી પાસે આવેલા જોડકંપામાં બે દિવસ



અગાઉ રીંછે પશુપાલક ખેડૂત પર હિંસક હુમલો કરીને ઘાયલ કર્યો હતો. ગંભીર ઈજાઓ પહોચતા પશુપાલકને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતા વન વિભાગે ત્રણ પાંજરા મુકી બે બચ્ચા સાથેના રીંછને પાંજરે પુરવાની કાર્યવાહી હાથ ધરી છે.

બનાસકાંઠાના દાંતામાં રીંછે હુમલો કરીને ત્રણ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા અને વન વિભાગે પણ રીંછને ગોળી મારી હતી એ ઘટનાને હજુ તો ગણતરીના દિવસો જ થયા છે ત્યા ફરી એક વાર સાબરકાંઠા જીલ્લામાં રીછનો ખેડૂત પરનો હુમલો સામે આવ્યો છે. સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના જોડકંપાની કે જ્યા સાંજના સમયે આધેડ પશુપાલક ખેડૂત કમજીભાઈ કટારા દૂધ લઈને જઈ રહ્યો હતો અને અચાનક જ આ કમજીભાઈ પર રીંછે જીવલેણ હુમલો કર્યોહતો. ખેડુત પર અચાનક જ રીંછ ટુટી પડતા ખેડુતના શરીરમાં છાતી ભાગે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચી હતી જેને લઈને તાત્કાલીક સારવાર માટે ભીલોડા સીવીલ અને ત્યાથી અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યા હતા. શરીર પર રીંછે એવા ઘા કર્યા છે કે ખેડૂત તાત્કાલીક જ બેભાન થઈ ગયા હતા. શરીર પર વિવિધ જગ્યાએ ટાંકા પણ ડોક્ટરે લીધા હતા. વન કર્મીઓ અને લોકોનુ માનવુ છે કે રીંછ તેના બે બચ્ચાઓ સાથે હોય છે તેનાથી તેના બચ્ચાઓને કોઈ નુકશાન ન પહોચાડે તે માટે હુમલો કર્યો હશે. દરરોજ તેના બે બાળકો સાથે રહીને માદા રીંછ અહિથી નિકળે છે. જેને જોઈ અહિ રહેતા પરિવારો ભયભીત થઈ રહ્યા છે. આ અંગે કમજીભાઈના દીકરા મહેન્દ્રભાઈ કટારાએ જણાવેલ કે મારા પિતા જ્યારે દુધ લઈને જઈ રહ્યા હતા ત્યારે રીંછે હુંમલો કર્યો હતો અને શરીરે ગંભીર ઈજાઓ પહોચી હતી જેને લઈને અમદાવાદ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ઈજાગ્રસ્ત કમજીભાઈ કટારાએ જણાવેલ કે હુ દુધ લઈને જઈ રહ્યો હતો અને અચાનક રીંછે હુમલો કર્યો હતો અને મને અંમદાવાદ ખસેડાયો હતો છાતીમાં અને માથાના ભાગે ઈજા થઈ છે રીંછ અને તેના બચ્ચાઓ છે.આ ઘટનાની જાણ થતા જ વન વિભાગ દ્વારા ઘટના સ્થળે પહોચીને તપાસ હાથ ધરી હતી અને રીંછને ઝડપવા માટે ચક્રો ગતિમાન કરાયા હતા. બનાસકાંઠાના દાંતામાં બનેલ ઘટનાનુ પુનરાવર્તન ન થાય તે માટે વન વિભાગે દિવસ રાત ચેકિંગ પણ હાથ ધર્યુ છે. તો અહિ રહેતા ખેડુતો અને પશુપાલકોમાં હાલ તો ચીંતા જોવા મળી રહી છે. બનાસકાંઠામાં તો એક રીંછ હતુ પરતું અહિ તો એક માદા રીંછ અને તેના બે બચ્ચા એક ત્રણનુ ઝુંડ સાથે ફરે છે. દરરોજ સવાર સાંજ અહિના લોકો રીંછના પરીવારને હરતા ફરતા જોવે છે પરતુ રીંછ પણ એટલુ ચાલાક છે કે અહિ મુકેલ ત્રણ પાંજરાની આજુબાજુ આવે છે. પણ પાંજરામાં કેદ થતુ નહિ. અહિ રહેતા સ્થાનિકોમાં દરરોજ ભયનો માહોલ વધી રહ્યો છે તો સામે તેમના બાળકોને એકલા છોડતા નથી તો બાળકોએ શાળાએ જવાનુ પણ બંધ કરી દીધુ છે. તો વન વિભાગે પણ તમામ પ્રકારની સાવચેતીના પગલા લઈને આજુબાજુના વિસ્તારમાં જાહેર ચેતવણીના બોર્ડ પણ મારી દીધા છે તો પત્રિકા છપાવીને જાહેરાત પણ કરી છે અને લોકોને સમજાવી પણ રહ્યા છે કે એકલા ક્યારેય જવુ નહિ ગૃપમાં જ રહેવુ અને જોડે આગ કે માચીશ લઈને જ જવુ. આ અંગે સ્થાનિક ગ્રામજન હિનાબેન કટારાએ જણાવેલ કે રીંછ અને તેના બે બચ્ચા દરરોજ અહિથી નિકળે છે અને અમારા બાળકોને નાના છે અને તેઓને શાળામાં પણ જવાનુ બંધ કર્યુ છે અને જલ્દી ઝડપાય તેની રાહ જોવાઈ રહી છે. આ અંગે રાઉન્ડ ફોરેસ્ટર નરેશ ચૌધરીએ જણાવેલ કે રીંછના હુમલાની જાણ થતા અમે ઝડપવામા માટે પાંજરા મુક્યા છે અને ગામમાં પત્રિકાએ છાપીને મોકલી છે તો જાહેર ચેતવણીના બોર્ડ પણ લગાવ્યા છે અને લોકોને ગૃપમાં જવાની સલાહ આપવામાં આવી છે કે ફરી કોઈ ઘટના ન બને.

આમ તો એક રીંછ લોકોને હેરાન કરી મુકે છે ત્યારે અહિ તો રીંછનો પરીવાર ફરે છે તો સામે અહિ રહેતા પરિવારો પણ રીંછ પરિવારને જોઈને ભયભિત થઈ રહ્યા છે તો વન વિભાગે પણ સાવચેતીના પગલા રૂપે લોકોને સમજાવી રહ્યા છે તો જાહેર ચેતવણીના બોર્ડ અને પત્રિકાઓ પણ ફરતી કરી છે. અને રીંછના પરિવારને ઝડપવા માટે દિવસ રાત ચેકિંગ હાથ ધરીને પાંજરા મુક્યા છે. તો બીજી તરફ ઈજાગ્રસ્ત કમજીભાઈ કટારા અમદાવાદથી સારવાર બાદ ઘરે આવી ગયા છે.

